# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 05-08-2024** **Evening : 7.10 to 7.20pm**
**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

- રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ગુજરાતની “પ્રાકૃતિક કૃષિ સખી” ની પહેલ અન્ય રાજ્યોને અપનાવવા અનુરોધ કર્યો.
- રાજ્યભરની 53 હજાર 65 આંગણવાડીમાં એક પેડ મા કે નામ અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ કરાશે.
- રાજ્યમાં 14 લાખથી વધુ આદિવાસી વિદ્યાર્થીઓને વિવિધ શિષ્યવૃત્તિ યોજનાના લાભ અપાયા.
- “મિશન થ્રી મિલિયન ટ્રીઝ” અભિયાન અંતર્ગત અમદાવાદ શહેરમાં માત્ર 45 દિવસમાં 20 લાખથી વધુ છોડનું વાવેતર.
- રાજ્યભરમાં આજથી પવિત્ર શ્રાવણ માસનો પ્રારંભ – શિવાલયોમાં ભક્તોનું ઘોડાપૂર
- બનાસકાંઠા, સાબરકાંઠા, નવસારી, વલસાડ, દમણ, દાદરા અને નગર હવેલીમાં આવતીકાલે ભારે વરસાદની હવામાન ખાતાની આગાહી

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# PREZ. ORGANIC FARMING

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ 'પ્રાકૃતિક કૃષિ સખી' બનાવવાની ગુજરાતની પહેલને અન્ય રાજ્યો પણ અપનાવે તેવું સૂચન કર્યું છે.

નવી દિલ્હીમાં રાષ્ટ્રપતિ ભવન ખાતે યોજાયેલા રાજ્યપાલોના સંમેલન પહેલા રાજ્યપાલોની અનૌપચારિક બેઠક યોજાઈ હતી. અહીં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ કહ્યું કે, રાજ્યમાં ગ્રામીણ મહિલાઓને પ્રાકૃતિક ખેતીની પાંચ દિવસની તાલીમ આપવામાં આવી રહી છે. ગુજરાતના આ મહાઅભિયાનની પ્રશંસા કરતા રાષ્ટ્રપતિશ્રીએ 'પ્રાકૃતિક કૃષિ સખી' બનાવવાની ગુજરાતની પહેલને અન્ય રાજ્યો પણ અપનાવે એવું સૂચન કર્યું હતું.

ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત પ્રાકૃતિક ખેતી માટે નિરંતર કામ કરી રહ્યા છે. અન્ય રાજ્યના રાજ્યપાલ પણ રાજભવનો દ્વારા પ્રાકૃતિક ખેતીના શ્રેષ્ઠ ઉદાહરણો પ્રસ્તુત કરીને જનજાગૃતિ લાવી શકે છે.

------------------

# GNR CM VRUKSHAROPAN

'એક પેડ મા કે નામ' અભિયાન અંતર્ગત રાજ્યભરની 53 હજાર 65 આંગણવાડીઓમાં વૃક્ષારોપણ કરવામાં આવશે. આ અભિયાનમાં સમગ્ર રાજ્યની આંગણવાડીઓમાં કુલ 3.15 લાખથી વધુ વૃક્ષો વાવવામાં આવશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં સેક્ટર-3A ન્યૂની આંગણવાડીના બાળકો સાથે વૃક્ષ

વાવીને આ અભિયાનનો પ્રારંભ કર્યો હતો. શ્રી પટેલે બાળકોને ફળ-છોડનાં રોપાઓનું વિતરણ કર્યું હતું અને ટેક હોમ રાશનમાંથી બનાવેલી વાનગીઓનું પ્રદર્શન નિહાળ્યું.

શ્રી પટેલે આ અભિયાન હેઠળ ગુજરાતમાં વન વિભાગ તથા અન્ય સંબંધિત વિભાગો દ્વારા સપ્ટેમ્બર-2024 સુધીમાં 12.20 કરોડ અને માર્ચ-2025 સુધીમાં 17 કરોડ વૃક્ષો વાવવાનો લક્ષ્યાંક રાખ્યો છે.

મહેસાણા જિલ્લા પંચાયત પ્રમુખ તૃષાબેન પટેલની અધ્યક્ષતામાં જિલ્લા પંચાયત ખાતે એક પેડ માં કે નામ અભિયાન અંતર્ગત કાર્યક્રમ યોજાયો.

----------------

# CM VAN MAHOTSAV

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની 8મી ઑગસ્ટે રાજ્યકક્ષાનો “75મો વન મહોત્સવ” દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કલ્યાણપુર તાલુકાના ગાંધવી ગામ ખાતે યોજાશે. આ પ્રસંગે મુખ્યમંત્રી 23મા સાંસ્કૃતિક “હરસિદ્ધિ વન”નું પણ લોકાર્પણ કરશે. આ રીતે જિલ્લાને "હરસિદ્ધિ વન”ની અનોખી ભેટ મળવા જઈ રહી હોવાનુંવન વિભાગે જણાવ્યું છે.

હરસિદ્ધિ વનમાં મુખ્યદ્વાર, પ્રવેશ પરિસર, હરસિદ્ધિ માતાજી સાંસ્કૃતિક વાટિ, સેરેમોનિયલ ગાર્ડન, શ્રીકૃષ્ણ ઉપવન, શ્રીકૃષ્ણ કમળવાટિકા વગેરે જેવા સાંસ્કૃતિક આકર્ષણો નિમાર્ણ કરાશે. જ્યારે આ વનમાં બાળવાટીકા, સેલ્ફી પોઇન્ટ ગાર્ડન, બીચ થીમ સિટીંગ એરિયા, મેડિટેશન ગઝેબો, ગઝેબો, સનસેટ પોઇન્ટ વગેરે પણ તૈયાર કરાયા છે.

રાજ્યમાં આ વર્ષેવન મહોત્સવ ઉજવણી દરમિયાન રાજ્યમાં 10 કરોડ 50 લાખ રોપાઓના વિતરણનું આયોજન છે. રાજ્યમાં એગ્રોફોરેસ્ટ્રી -રાજ્ય આધારીત યોજના હેઠળ ખેડૂતો 31 હજાર હેકટર વાવેતર કરશે.

. . . . . . . . . . . . . . . . .

## GUJ TRIBE EDUCATION

રાજ્યમાં 14 લાખથી વધુ આદિવાસી વિદ્યાર્થીઓને વિવિધ શિષ્યવૃત્તિ યોજનાના લાભ આપવામાં આવ્યા છે.

રાજ્યના આદિજાતિ વિકાસ મંત્રી કુબેર ડિંડોરે જણાવ્યું કે, રાજ્યમાં આદિજાતિ વિસ્તારોમાં ઉચ્ચ શિક્ષણ સુધીની શૈક્ષણિક યોજનાઓના લાભ ઉપલબ્ધ છે. 12 લાખ 84 હજાર 404 વિદ્યાર્થીઓને પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ અને 2 લાખ 49 હજાર 518 વિદ્યાર્થીને પોસ્ટ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજનાના લાભ અપાયા છે.

આદિજાતિ વિસ્તારોમાં જ્ઞાનકૂંજ પ્રૉજેક્ટ અને સ્માર્ટ ઇન્ટરેક્ટિવ બૉર્ડ યોજના હેઠળ 7 હજાર 408 સરકારી પ્રાથમિક શાળામાં 28 હજાર 12 સ્માર્ટ વર્ગખંડ નિર્માણ પામ્યા છે.

શ્રી ડિંડોરે ઉમેર્યું કે, આદિજાતિ વિસ્તારોમાં હાલ 8 હજાર 35 પ્રાથમિક શાળા, 1 હજાર 64 માધ્યમિક શાળા અને 509 જેટલી ઉચ્ચ શૈક્ષણિક શાળા કાર્યરત્ છે. દર વર્ષે 13 લાખ જેટલા વિદ્યાર્થીને શાળા ગણવેશ સહાય યોજનાનો લાભ અપાય છે. ગુજરાત સ્ટેટ ટ્રાઇબલ એજ્યુકેશન સોસાયટી (GSTES) હેઠળ આદિજાતિ વિસ્તારોમાં 102 શાળા કાર્યરત્ છે.

-----------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટ્વિટર હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

.....................................

## AMC TREE PLANTATION

અમદાવાદ મહાનગરપાલિકાએ "મિશન થ્રી મિલિયન ટ્રીઝ" અભિયાન અંતર્ગત શહેરમાં માત્ર 45 દિવસમાં 20 લાખથી વધુ છોડનું વાવેતર કર્યું છે. મહાનગરપાલિકાના નાયબ મ્યુનિસિપલ કમિશનર દેવ ચૌધરીએ કહ્યું કે, આ અભિયાન અંતર્ગત 100 દિવસમાં 30 લાખ જેટલા છોડ રોપવાનો લક્ષ્યાંક છે.

શ્રી ચૌધરીએ કહ્યું, મહાનગરપાલિકા દ્વારા 15 જૂનથી શરૂ કરાયેલા આ અભિયાન હેઠળ શહેરના સાત ઝોન અને 48 વૉર્ડમાં વૃક્ષારોપણ કરવામાં આવી રહ્યું છે. આ અભિયાનનો હવે 9થી 10 લાખ જેટલો જ લક્ષ્યાંક બાકી છે, જે ટૂંક સમયમાં પૂર્ણ કરાશે. આ અભિયાન થકી શહેરનું લીલું આવરણ 6થી 8 ટકા જેટલું

વધવાનો અંદાજ પણ છે. દરમિયાન શ્રી ચૌધરીએ શહેરીજનોને વૃક્ષારોપણના આ અભિયાનમાં જોડાવવા અપીલ કરી હતી.

ઉલ્લેખનીય છે કે છેલ્લા 5 વર્ષમાં શહેરમાં 75 લાખથી વધુ છોડનું વાવેતર કરાયું છે.

-------------

## WEATHER

રાજ્યના હવામાન વિભાગે આવતીકાલે બનાસકાંઠા, સાબરકાંઠા, નવસારી, વલસાડ, દમણ, દાદરા અને નગર હવેલીમાં ભારે વરસાદની આગાહી વ્યક્ત કરી છે. હવામાન વિભાગે આગામી પાંચ દિવસ રાજ્યના માછીમારોને દરિયો ન ખેડવા ચેતવણી આપી છે. રાજ્યના 144 તાલુકામાં સાર્વત્રિક વરસાદ નોંધાયો. વલસાડનાં કપરાડામાં સવા ઇંચ, આણઁદમાં એક ઇંચ વરસાદ નોંધાયો હતો.

(બાઇટ- રામાશ્રય યાદવ, હવામાન વૈજ્ઞાનિક)

વલસાડ જિલ્લાની ઓરંગા નદી પાસે આવેલા હિંગરાજ ગામમાં સાત લોકો ફસાઈ ગયા હતા. રાષ્ટ્રીય આપદા પ્રતિભાવ દળ – NDRFની ટુકડીએ મોડી રાત્રે ત્યાં પહોંચી ફસાયેલા તમામ લોકોને સલામત રીતે બહાર કાઢ્યા હતા.

તાપીની અંબિકા નદીમાં વરસાદને પગલે પાણીની આવક વધવાથી નદી કિનારાના આસપાસના ગામોને તંત્ર દ્વારા સાવચેત રહેવા જણાવાયું છે.

ઉત્તર પશ્ચિમ રેલવેના જોધપુર મંડળમાં ભારે વરસાદના કારણે કેરળ-પાલી-મારવાડ યાર્ડની વચ્ચે પાણી ભરાવવાના કારણે રેલવે વ્યવહાર ખોરવાયો છે.

અમદાવાદ મંડળના  જનસંપર્ક અધિકારી જિતેન્દ્રકુમાર જયંતે કહ્યું, આજની જોધપુર-સાબરમતી એક્સપ્રેસ અને સાબરમતી-જોધપુર એક્સપ્રેસ મોકૂફ રાખવામાં આવી છે.

-----------------

## SOMANATH

આજથી પવિત્ર શ્રાવણ માસનો પ્રારંભ થયો છે. શ્રાવણ મહિનાના પ્રથમ દિવસે આજે સોમવારે પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મંદિરમાં વહેલી સવારથી શ્રદ્ધાળુઓ દર્શનાર્થે આવ્યા હતા. મંદિરના પરિસરમાં પાલખીયાત્રામાં મોટી સંખ્યામાં ભક્તજનો જોડાયા હતા. શ્રાવણ માસના પ્રથમ સોમવારની સંધ્યાએ સોમનાથ મહાદેવને વિશેષ બિલ્વપત્ર શ્રૃંગાર કરાયો છે. જય સોમનાથના નાદ સાથે સમગ્ર મંદિર પરિસર ગુંજી ઉઠ્યુ હતું.. સોમનાથથી વધુ માહિતી આપે છે, અમારા પ્રતિનિધિ ...

(બાઇટ- રાજેશ ભજગોતર, પીટીસી, ગીરસોમનાથ)

શ્રી સોમનાથ ટ્રસ્ટ તરફથી ટ્રસ્ટી જે.ડી.પરમારના હસ્તે ૩૦ દિવસના અવિરત મહામૃત્યુંજય યજ્ઞનો પ્રારંભ કરાયો હતો. તેમ જ શ્રાવણની પ્રથમ ધ્વજાનું પૂજન પણ કરાયું  હતું.

-----------------

# Shravan Mhino – DISTRICT -1

શ્રાવણ મહિનાના પહેલા દિવસે આજે રાજ્યભરનાં શિવાલયોમાં ભક્તિમય માહોલ જોવા મળ્યો હતો.

દેવભૂમિદ્વારકા જિલ્લાથી 16 કિલોમીટર દૂર  દ્વારકા તાલુકામાં  આવેલા નાગેશ્વર જ્યોતિર્લિંગમાં  ભક્તોની લાંબી કતાર લાગી હતી.

ભરૂચથી અમારા પ્રતિનિધિ વાહિદ મશહદી જણાવે છે કે, ઝાડેશ્વર નીલકંઠેશ્વર મહાદેવ મંદિરે નર્મદાનું જળ લઈ કાવડયાત્રીઓએ  શિવ મંદિરની પ્રદક્ષિણા કરી હતી. 400થી વધુ કાવડયાત્રીઓએ નર્મદાના જળ લઈ ઝાડેશ્વર નીલકંઠેશ્વર મહાદેવ મંદિરની પ્રદક્ષિણા કરી ત્યારબાદ અંકલેશ્વર ખાતે આવેલા શિવ મંદિરમાં જળાભિષેક કર્યા હતો. ભરૂચ જિલ્લા કલેકટરે આજે  કંબોઈ સ્તંભેશ્વર મહાદેવના દર્શન કર્યા હતા. આ મંદિરમાં શિવલિંગને દરિયાના પાણીથી દિવસમાં બે વખત અભિષેક થાય છે.

દીવથી અમારા પ્રતિનિધિ ભરતી રાવલ જણાવે છે કે, દીવના ગંગેશ્વર મહાદેવનું મંદિર પાંચ હજાર વર્ષથી પણ વધુ પુરાણું હોવાનું તેમજ તેની સ્થાપના પાંડવો દ્વારા કરવામાં આવી હોવાનું મનાય છે. આ પાંચેય શિવલિંગને રોજ સમુદ્ર અભિષેક કરે છે.

---